# બનાસકાંઠાના ૧૬ પ્રાથમિક શિક્ષકોને અનિયમિતતા બદલ નોટિસો ફટકારાઈ

**શિક્ષણ અધિકારીએ ૭૩ શાળામાં ઓચિંતી મુલાકાત લઈ શિક્ષણ કાર્યનો તાગ મેળવ્યો: સ્કૂલોમાં શેરી અને ઓનલાઈન શિક્ષણ સહિતની પ્રવૃતિઓનું મલ્યાંકન કરાયુ**

પાલનપુર, તા. ૧૯

બનાસકાંઠા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં બાળકોના ઓન લાઈન અને શેરી શિક્ષણ સહિત ની પ્રવૃતિઓનું જાત નિરક્ષણ કરવા માટે જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી દ્વારા ૧૪ તાલુકાની ૭૩ સ્કૂલોમાં સર પ્રાઈઝ ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું જેમાં ઓનલાઈન તેમજ શેરી શિક્ષણ સહિતની પ્રવૃતિઓમાં અનિયમિતતા દાખવવા બદલ ચાર તાલુકાના ૧૬ શિક્ષકો ને કારણ દર્શક નોટિસો ફટકારવામાં આવતા શિક્ષકોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

કોરોના મહામારીને લઈ બનાસકાંઠા જિલ્લાની પ્રાથમિક શાળા ઓમાં બાળકોને પરોક્ષ શિક્ષણ આપવા માટે શેરી શિક્ષણ,ઓનલાઈન શિક્ષણ આપવામાં આવી રહ્યું છે અને સ્કૂલોમાં શિક્ષકોની હાજરી વચ્ચે એકમ કસોટી,જ્ઞાન સેતુ ,જી. એપ્લિકેશન, ગુણોત્સવ ની ચકાસણી સહિતની પ્રવૃતિઓ ચલાવવામાં આવી રહી છે ત્યારે જિલ્લાની સ્કૂલોમાં શિક્ષણને લગતી પ્રવૃતિઓની જાત નિરક્ષણ કરવા માટે જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી સંજય પરમારે છેલ્લા પંદર દિવસ દરમ્યાન ૧૪ તાલુકાની ૭૩ પ્રાથમિક સ્કૂલોમાં ઓચિંતી મુલાકાત કરી હતી જેમાં ચાર તાલુકાના ૧૬ શિક્ષકો શિક્ષણ પ્રવૃત્તિમાં અનિયમિતતા દાખવતા હોવાનું માલુમ પડતા જિલ્લા શિક્ષણ અધિકારીએ આ ૧૬ શિક્ષકોને કારણ દર્શક નોટિસો ફટકારવામાં આવી છે અને આ શિક્ષકોને જિલ્લા શિક્ષણ કચેરીએ રૂબરૂ કારણ દર્શાવવા તાકીદ કરાઈ હતી જેમાં જે શિક્ષક દોષિત જણાશે તેની સામે શિક્ષાત્મક પગલાં ભરવામાં આવશે જેને લઈ ફરજમાં લાપરવાહી અને અનિયમિતતા દાખવતા શિક્ષકોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

**ક્યા તાલુકા : કેટલા શિક્ષકોને નોટિસો અપાઈ**

જિલ્લા શિક્ષણ અધિકારી અધિકારીના સર પ્રાઈઝ ચેકીંગમાં દાંતા તાલુકામાં ૭,અમીરગઢ તાલુકામાં ૪,વડગામ તાલુકામાં ૩ અને ડીસા તાલુકામાં ૨ મળી કે કુલ ૧૬ શિક્ષકો ની અનિયમિતતા બહાર આવતા તેમને નોટિસો ફટકારી ખુલાસો માંગવા માં આવ્યો છે

**પાલનપુર તાલુકાના કોટડા (ભા) પ્રા. શાળામાં**

# જિલ્લા પ્રા. શિક્ષણાધિકારી સંજય પરમારના હસ્તે પ્રજ્ઞા અભિગમ વર્ગનું ઉદ્દઘાટન થયું

પાલનપુર, તા. ૧૯

પાલનપુર તાલુકાના કોટડા (ભા) પ્રાથમિક શાળામાં બનાસકાંઠા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી સંજય પરમારના હસ્તે પ્રજ્ઞા અભિગમ વર્ગનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું.



કોરોના કાળની વર્તમાન પરિસ્થિતિને કારણે ધોરણ-૧ થી ૮ ની શાળાઓ બંધ હોવાથી વિદ્યાર્થીઓના અભ્યાસમાં ખુબ માઠી અસર વર્તાય રહી છે, ખાસ કરીને ધોરણ-૧ અને ૨ ના બાળકોને પાયાના શિક્ષણમાં કચાસ ના રહે એવા હેતુથી કોટડા(ભા) પ્રાથમિક શાળાના આચાર્ય શ્રી પિયુષભાઈ લિંબાચિયાના સપોર્ટથી અને દાતાશ્રીના સહયોગથી પ્રજ્ઞા અભિગમમાં તજજ્ઞ તરીકે અને પ્રતિભાશાળી શિક્ષકશ્રી રશ્મિબેન હાડા અને કર્મશીલ શિક્ષક ભીખીબેન ચૌધરી આ બંને શિક્ષકોએ લોકડાઉનના સમયના સદુપયોગથી પ્રજ્ઞા અભિગમને આધારે ધોરણ-૧ અને ૨ ના ગણિત અને ગુજરાતી વિષયને આધારે પ્રજ્ઞા વર્ગમાં અદ્યતન ટીએલએમ અને ટેકનોલોજીનો ઉપયોગ કરી સુંદર વર્ગનું નિર્માણ કર્યુ છે. પ્રજ્ઞા વર્ગોનાં ઉદઘાટન પ્રસંગે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ સમગ્ર શાળા પરિવાર અને દાતાશ્રી તેમજ ગ્રામજનોને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતાં. આવનાર તમામ મહેમાનશ્રીઓનું શાળા પરિવાર તરફથી સન્માન કરવામાં આવ્યું હતું. આ વર્ગોનું નિર્માણ પ્રજ્ઞા અભિગમ આધારે અને હાલની પરિસ્થિતિને ધ્યાને રાખી વિદ્યાર્થી સોશિયલ ડિસ્ટન્સમાં બેસીને અનેક અલગ અલગ ટીએલએમ પ્રવૃત્તિ દ્વારા સરળતાથી અભ્યાસ કરી શકશે.

આ પ્રસંગે પાલનપુર બી.આર.સી કૉ.ઓર્ડીનેટરઆનંદભાઈ મોદી,પાલનપુર તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના મંત્રી અને બ્રાન્ચ શાળા નં -૧ ના સી.આર.સી કો ઓર્ડીનેટર શ્રી રહીમખાન પઠાણ, મલાણાં સી.આર.સી શ્રી મહમદભાઈ પોલરા, ચંડીસર સી. આર.સી શ્રી પ્રકશપૂરી ગૌસ્વામી,સેન્ટર આચાર્ય સુધીરભાઈ જોષી, SMC પરિવાર,શાળાના શિક્ષકો અને ગ્રામજનો ઉપસ્થિતિ રહ્યાં હતાં.

# અરવલ્લીમાં અસહ્ય ઉકળાટ વચ્ચે ઝાપટાંની ઝરમર : ધોધમાર વરસાદની નિરાશા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૯

અરવલ્લી જિલ્લામાં ગુરૂવારે બપોરે અસહ્ય ઉકળાટ વચ્ચે ભારે વરસાદની આશા વચ્ચે બાયડ અને મોડાસા સહિતના કેટલાક વિસ્તારોમાં માત્ર ઝાપટાં સ્વરૂપે ઝરમરીયો વરસાદ વરસતાં ખેડૂતોમાં નિરાશા વ્યાપી છે. આગામી ૩ દિવસ માટે હવામાન વિભાગે રાજ્યમાં ફરી એકવાર મેઘાની ધમાકેદાર એન્ટ્રીની આગાહી કરી હોવા છતાં રીમઝીમ વરસાદ વરસતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. આકાશમાં કાળાં ડીબાંગ વાદળો ઘેરાયેલાં રહેતાં ખેતી માટે ફાયદારૂપ વરસાદ વરસશે તેવી આશા હાલ ઠગારી નિવડી છે પરંતુ વરસાદી સીસ્ટમ સક્રીય થતાં આગામી ટૂંક સમયમાં ધોધમાર વરસાદની આશા બંધાણી છે.



ભારતીય હવામાન વિભાગે રાજ્યમાં આગાહી ૩ દિવસ વરસાદની સંભાવના વ્યક્ત કરી છે. તા.૧૯ ઑગષ્ટના રોજ મોટાભાગના જિલ્લાઓમાં વરસાદ વરસશે તેવી આગાહી બાદ અરવલ્લી જિલ્લામાં હળવો વરસાદ વરસ્યાના અહેવાલ છે. જિલ્લાના બાયડ, મોડાસા સહિતના વિસ્તારોમાં સવારથી જ વાતાવરણમાં અસહ્ય ઉકળાટનો અનુભવ થવા લાગ્યો હતો. બપોર પછી આકાશમાં ચોમાસુ સીસ્ટમ સક્રીય થતાં અનેક વિસ્તારોમાં હળવો વરસાદ વરસતાં રસ્તા ભીંજાયા હતા. ઝાપટાં સ્વરૂપે છૂટો છવાયો વરસાદ ઘણા લાંબા સમય પછી વરસતાં પ્રજાએ હરખ જરૂર અનુભવ્યો પરંતુ ભારે વરસાદની કમી રહી જતાં ખેડૂતો નિરાશ થયા છે. વરસાદ ખેંચાતાં ખેતી ઉપર સંકટનાં વાદળો ઘેરાયાં છે. જ્યારે પીવાના પાણીની પણ વિકટ પરિસ્થિતિ આકાર લઈ શકે તેવી દહેશતને પગલે જિલ્લામાં ખેડૂતો, વેપારીઓ અને આમપ્રજા ચાતક નજરે ધોધમાર વરસાદની રાહ જોઈ રહી છે.

# મોડાસા માર્કેટયાર્ડ નજીક મોબાઈલ દુકાનમાં વરલી-મટકાના જુગારનો પર્દાફાશ કરતા DYSP ભરત બસીયા : ત્રણને દબોચ્યા

મોડાસા, તા. ૧૯

અરવલ્લી જીલ્લા એસપી સંજય ખરાત અને ડીવાયએસપી ભરત બસીયાની કડક કાર્યવાહીના પગલે જીલ્લામાં ચાલતા જુગારધામ અને વરલી મટકાના સ્ટેન્ડના પાટીયા પડી ગયા હતા અને દેશી-વિદેશી દારૂની રેલમછેલ પર મહદંશે અંકુશ મેળવ્યો હતો પરંતુ જીલ્લામાં ધીરે ધીરે વરલી-મટકાનો અને પાના-પત્તાનો જુગારની બદી ધીરે ધીરે ફૂલી ફાલી છે થોડા દિવસ અગાઉ ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક મહિના અગાઉ જુગારના અડ્ડા પર ત્રાટકી બે આરોપીઓને દબોચી લીધા હતા ત્યારે વધુ એક વાર ટાઉન પોલીસની આંખ નીચે માર્કેટયાર્ડ સામે આવેલી મોબાઈલ દુકાન આગળ ધમધમતું વરલી-મટકાના સ્ટેન્ડનો પર્દાફાશ કરી સ્ટેન્ડ ચલાવતા ત્રણ શખ્સોને દબોચી લીધા હતા જો કે ડીવાયએસપી ભરત બસીયાને મોબાઈલ દુકાનમાં મોટાપાયે ઓનલાઈન સટ્ટો રમાતી હોવાની બાતમી મળી હતી



મોડાસા શહેરમાં ક્રીકેટ મેચ દરમિયાન લાખ્ખો રૂપિયાનો ઓનલાઈન સટ્ટો રમાડતા ત્રણ-ચાર બુકીઓ યુવાનોને સટ્ટાની લત લગાડી બરબાદીના ગર્તામાં ધકેલી રહ્યા છે અરવલ્લી નાયબ પોલીસ અધીક્ષક ભરત બસીયાને મોડાસા માર્કેટયાર્ડ સામે આવેલ મોબાઈલની દુકાનમાં ઓનલાઈન સટ્ટો રમાતો હોવાની બાતમી મળતા તાબડતોડ બાતમી આધારીત દુકાને રેડ કરતા ઓનલાઈન સટ્ટો નહીં પણ વરલી-મટકાનું સ્ટેન્ડ હોવાનું રેડ દરમિયાન બહાર આવ્યું હતું ડીવાયએસપી ભરત બસીયા અને તેમની ટીમે એમ.એચ મોબાઈલ દુકાન આગળ વરલી-મટકાનો જુગાર રમાડતા ૧)સાજીદ ઉર્ફે રાજુ ઉસ્માનગની બાંડી,૨)મુનાફ સિકંદર પટેલ અને ૩)માં.સફીક માં.રફીક સુથારને દબોચી લઇ રૂ.૨૬ હજારથી વધુની રોકડ રકમ તેમજ મોબાઈલ મળી કુલ.રૂ.૪૧૫૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરી ટાઉન પોલીસ સ્ટેશનમાં ત્રણે શખ્શો વિરુદ્ધ જુગારધારા કલમ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

# શ્રાવણ માસ : શિવમંદિરની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે લઘુરૂદ્ર યજ્ઞ યોજાયો



પાલનપુર, તા. ૧૯

પાલનપુર આબુ હાઈવે પર આવેલ ન્યુ પાલનપુરમાં આવેલી તિરૂપતિ રાજનગર સોસાયટીમાં શિવમંદિર આવેલુ છે.જેથી પવિત્ર શ્રાવણ માસ ચાલતો હોવાથી શિવમંદિરની પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે લઘુરૂદ્ર યજ્ઞનું આયોજન કરવામાં આવેલ છે.તેજરીતે પાલનપુર તિરૂપતી રાજનગરમાં બુધવારે શિવ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે લઘુરૂદ્ર યજ્ઞનું આયોજન કરવામાં આવ્યુ હતુ.જેમાં યજમાનોએ યજ્ઞમાં આહુતી આપી હતી.તેમજ મોટી સંખ્યામાં સોસાયટીના લોકો હાજર રહી શિવજીના દર્શન કરી ધન્યતા અનુભવી હોવાનું સોસાયટીના પ્રમુખ કનુભાઈ ચૌધરીએ જણાવ્યુ હતુ.

# બનાસકાંઠા ભૂસ્તર વિભાગનો સપાટો: રોયલ્ટી ચોરી કરતા પાંચ ડમ્પર કબજે કરાયાં

**રૂ ૧.૨૦ કરોડનો મુદ્દામાલ કબજે કરી ૧૨ લાખનો દંડ વસુલ માટે કાર્યવાહી કરાઈ**

પાલનપુર, તા. ૧૯

બનાસકાંઠા ભૂસ્તર વિભાગની ટીમે ગત રોજ એક જ દિવસમાં રેતી ચોરી કરતા પાંચ ડમ્પર ઝડપી પાડી રૂપિયા ૧.૨૦ કરોડનો મુદ્દામાલ કબજે કરી રૂ .૧૨ લાખનો દંડ વસુલ કરવાની કાર્યવાહી હાથ ધરી હતી.

બનાસકાંઠા ભૂસ્તર વિભાગ દ્વારા અવારનવાર ખાનગી રાહે ચેકિંગ હાથ ધરી વર્ષે દહાડે કરોડો રૂપિયાની ખનીજ ચોરી ઝડપવાનું કામ કરાઈ રહ્યું છે ત્યારે મંગળવારે ભૂસ્તરશાસ્ત્રી સુભાષ જોશીના માર્ગદર્શન હેઠળ ભૂસ્તર વિભાગની ટિમ સરકારી અને ખાનગી ગાડીમાં ચેકિંગ હાથ ધરતા ડીસાના બટાકા સર્કલ પાસેથી એક ગાડી રેતી ભરેલી ઝડપી પાડેલ જ્યારે એક ગાડી આખોલ ચાર રસ્તા પાસેથી ઝડપી પાડેલ અને ત્રણ ગાડી જેરડા પાસેથી એમ કુલ પાંચ ગાડી રેતી ચોરી કરતા ઝડપી પાડી ડીસા તાલુકા પોલીસ મથકે આવેલ અને રૂપિયા ૧.૨૦ કરોડનો મુદ્દામાલ કબજે કરી રૂ ૧૨ લાખનો દંડ વસૂલ કરવા કાર્યવાહી હાથ ધરેલ..

ભૂસ્તરશાસ્ત્રી ના માર્ગદર્શન હેઠળ ઓચિંતી ચેકિંગ હાથ ધરતા ખનીજ માફિયાઓ અને રેતી ચોરી કરતા ડમ્પર ચાલકોમાં ફફડાટ ફેલાયો હતો.



ભૂસ્તર વિભાગ ની ટીમે કુલ પાંચ ડમ્પર ઝડપી પાડેલ જેમાં GJ 08 Y 1845, GJ 08 AY 0614,GJ 03 BV 6936,GJ 08 AU 4198,RJ 19 GF 4530 આમ કુલ પાંચ ડમ્પર કબ્જે કરી રૂ. ૧૨ લાખ નો દંડ ફટકારેલ.

બનાસકાંઠા ભૂસ્તર શાસ્ત્રી સુભાષ જોશીએ જણાવ્યું હતું કે અમારી ટિમ ખાનગી અને સરકારી આમ બે વાહનો માં બે ટિમો બનાવી ચેકીંગ હાથ ધરતા પાંચ વાહનો રેતી ચોરી કરતા ઝડપી પાડેલ છે અને હજુ અમારી ટિમ ખનીજ ચોરી ઝડપવા અલગ અલગ વાહનો માં બેસીને પણ ખનીજ ચોરી ઝડપવાની કાર્યવાહી હાથ ધરાઈ છે.અગાઉ ડમ્પર માં બેસીને પણ ખનીજ ચોરી ઝડપવામાં અમને સફળતા મળી હતી.

## જન્મદિને વધામણી



ધર્મેશભાઈ એન. સોની
(પ્રા.શિક્ષક : પાલડી પ્રા.શાળા)
(૧૭, વિવેકાનંદ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



અલ્કેશભાઈ એસ. પરમાર
(મ.શિ. : સારસ્વત હાઈસ્કુલ)
બાયડ, જિ.અરવલ્લી



પંકજ પટેલ
ધનસુરા, જિ.અરવલ્લી



હાર્દિક પટેલ
રમોસ, તા.બાયડ



બિપીનભાઈ પટેલ
બાયડ, જિ.અરવલ્લી



સંજય ચૌધરી, પત્રકાર
મોટીમોયડી, તા.મેઘરજ

# ડીસાના કબડ્ડીના કુશળ ખેલાડી કેયૂર ઠક્કરનું સન્માન: કબડ્ડીની રમતમાં અન્ય રાજ્યોમાં પણ શાનદાર દેખાવ

ડીસા,તા.૧૯

કબડ્ડીની રમતમાં આંતર રાજય કક્ષાએ અતિ ઉત્કૃષ્ટ દેખાવ કરી ગુજરાત રાજય તેમજ ડીસા નગરનું નામ રોશન કરનાર કુશળ ખેલાડી કેયૂરકુમાર મેહુલભાઈ ઠક્કર (ભાટીયા) નું શુભેચ્છક વર્તુળ ડીસા દ્વારા દીકરી બચાવો મોમેન્ટો, સન્માનપત્ર અને ફૂલછડીથી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ અવસરે શુભેચ્છક વર્તુળના મફતલાલ મોદી,કનુભાઈ આચાર્ય, ભગવાનભાઈ બંધુ,ચંદુભાઈ



એટીડી,મહેશભાઈ મનવર, સંગીતાબેન ઠક્કર, હરેશભાઈ ઠક્કર સહિત સૌ ઉપસ્થિત રહ્યા હતા. કેયૂર ઠક્કરે રાજસ્થાન, પંજાબ, હરિયાણા સહિત અનેક રાજયોમાં રમી કબડ્ડીમાં શાનદાર દેખાવ કરેલ છે. પરિવારજનો વતી મેહુલભાઈ અને ભાનુભાઈ ઠક્કરે સન્માન કરવા બદલ સૌ પ્રત્યે ઋણ સ્વિકારની લાગણી વ્યકત કરી હતી.

# મોટાકોટડા દુધ ઉત્પાદક સહકારી મંડળીમાં ફરજ બજાવતા આગેવાનનું મોત નિપજતાં પંથક શોકમગ્ન

ભિલોડા,તા.૧૯

ઈડર તાલુકાના મોટાકોટડા ગામની ધી મોટાકોટડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી.માં ફરજ બજાવતા સામાજિક આગેવાનનું કરૂણ મોત નિપજતાં મોટાકોટડા પંથકમાં ઘેરા શોકની કાલીમા પ્રસરી હતી.છેલ્લા ૨૦ વર્ષથી ધી મોટાકોટડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી.માં ફરજ બજાવતા અને નોકરીની સાથે-સાથે લોકસેવાના વિવિધ કાર્યોમાં હંમેશાં તત્પર રહેતા નવયુવાન,ઉત્સાહી,હિંમતવાન સ્વ.શાંમળભાઈ ધીરૂભાઈ પટેલનું ટ્રેક્ટર પલટી વાગતા અકસ્માત દરમિયાન મોત નિપજતાં ગ્રામજનો અને યુવાનો તાત્કાલીક ધોરણે હિંમતનગર સારવાર અર્થે લઈ ગયા પરંતુ સારવાર શરૂ થાય તે પહેલાં જ તેઓનું કરૂણ મોત નિપજતાં ઘેરો શોક છવાયો હતો.



ચાંપા, લાખેરા, મોટા કોટડા, રામાયણ, મહાભારત સહિત આજુ-બાજુના ગ્રામ્ય વિસ્તારોમાંથી સગાં-સબંધીઓ, સ્નેહીજનો સદ્‌ગતની અંતિમ યાત્રામાં જોડાયા હતા. મિલનસાર,પ્રેમાળ સ્વભાવ ધરાવતા સ્વ. શાંમળભાઈ પટેલનું દુ:ખદ્ અવસાન થયેલ હોય તેઓનું સમગ્ર ગામ હિબકે ચઢ્યું હતું. સદ્‌ગતના બે પુત્રો,પત્ની હૈયાફાટ રૂદન કરતા હતા.આંજણા (ચૌધરી) પટેલ સમાજ સેવા મંડળ (સાબરકાંઠા-અરવલ્લી) જિલ્લા મહામંત્રી કેશુભાઈ પી.પટેલ સહિત સામાજીક આગેવાનોએ મૃતકના પરીવારજનોને સાંત્વના આપી અને સદ્‌ગતના આત્માને પ્રભુ શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરીને ભાવભીની શ્રદ્ધાંજલી અર્પણ કરી હતી.

**ડેમાઈનું ગૌરવ**

# રોનક પ્રજાપતિ એમ.એસ.સી. સેમે.-૨ માં કોલેજમાં પ્રથમ




બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૯

બાયડ તાલુકા ડેમાઈના શંકરભાઈ રણછોડભાઈ પ્રજાપતિ(નિવૃત્ત વિસ્તરણ અધિકારી : ધનસુરા તાલુકા પંચાયત)ના પુત્ર રોનક શંકરભાઈ પ્રજાપતિએ એમ.એસ.સી. સેમેસ્ટર-૨(મેથેમેટીક્સ)માં પીલવાઈની શ્રીમતી એમ.જી.પંચાલ કોલેજમાં પ્રથમ સ્થાને આવી ગામ તેમજ સમાજનું ગૌરવ વધાર્યુ છે. કોલેજ પરિવાર દ્વારા તેજસ્વી વિદ્યાર્થીને સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી પ્રસંગે મોમેન્ટો તેમજ ઈનામ આપી સન્માનિત કરવામાં આવતાં ડેમાઈ સહિત પ્રજાપતિ સમાજ આનંદ છવાયો છે.